છત્રાલમાં બે કરોડ લુંટી જનાર પાંચ ઝડપાયા

જિલ્લા પોલીસે રૂ.૧ કરોડ ૧ લાખ રોકડા, ૨ વાહનો કબ્જે કર્યા

ગાંધીનગર, તા.૧૦ કલોલ તાલુકાના છત્રાલ હાઈ વે પર ગત તા.૨ ફેબ્રુઆરીના રોજ આંગડીયા પેઢીની ઈકો કારને આંતરી રૂપીયા બે કરોડ નવ લાખની લુંટના ગુનાને અંજામ આપ્યો હતો. આ ચકચારી લુંટ પ્રકરણના ૭ આરોપીઓ પૈકીના ૫ આરોપીઓને જિલ્લા પોલીસે દબોચી લીધા છે. પોલીસે આરોપીઓ પાસેથી રૂ.એક કરોડ અને એક લાખ રોકડા તેમજ ૨ વાહનો કબ્જે કરી ગુનાનો ભેદ ઉકેલી દીધો છે. પોલીસ તપાસમાં લુંટના ગુનાનો માસ્ટર માઈન્ડ અને ગુનાહિત ઈતિહાસ ધરાવતો ગૌતમ ગણપત પટેલે પોતાના દિકરાને પૈસા આપી વિદેશ ભાગી ગયો હોવાનુ સામે આવ્યું છે. તો બીજીતરફ દિકરાએ એલઆઈસી પોલીસીનું પ્રિમિયમ અને બેંકમાંથી દાગીના છોડાવી અંદાજીત રૂ.૧૦ લાખનું દેવુ ભરપાઈ કર્યું હોવાનું પ્રકાશમાં આવ્યું છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગત તા.૨ ફેબ્રુઆરીના રોજ એમ.એસ.આંગડીયા પેઢીના ડ્રાઈવર દિપકકુમાર શાંતિલાલ પટેલ ઈકો કારમાં પેઢીના રૂપીયા બે કરોડ ૯ લાખ લઈને અમદાવાદ જઈ રહ્યા હતા. તે સમયે છત્રાલ હાઈ વે પર પેપરમીલ પાસે એક સફેદ કલરની સુમો ગાડીમાં પાંચ થી છ અજાણ્યા શખ્સોએ ઈકો કારના ડ્રાઈવરને પાઈપના ટુકડા વડે માર મારી ગાડીમાંથી આંગડીયા પેઢીના રૂ.૨ કરોડ નવ લાખ લઈ ભાગી ગયા હતા. બનાવ અંગે કલોલ તાલુકા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ હતી.

ગાંધીનગર રેન્જ આઈજી અભય ચુડાસમા અને જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ બનાવ સ્થળની મુલાકાત લઈ આરોપીઓને પકડી પાડવા માટે એલસીબી, એસઓજી અને કલોલ તાલુકા પોલીસ મથકની વિવિધ ટીમો તૈયાર કરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જિલ્લા પોલીસની વિવિધ ટીમો દ્વારા સીસીટીવી ફુટેજ ચેક કરી, ટેકનીકલ સર્વેલન્સ આધારે આરોપીઓની ઓળખ પ્રસ્થાપિત કરી ગુનાને અંજામ આપનાર કુલ ૮ લુંટારુઓ પૈકી પાંચને પોલીસે પકડી પાડ્યા છે. જયારે અન્ય ત્રણ લુંટારૂઓ પૈકી ગૌતમ ગણપત પટેલ (ઓઢવ ગામ તા.દેત્રોજ), ઈશ્વર રામાજી ગામેતી (રહે. તલૈયા બિચ્છીવાડા રાજસ્થાન), અને જયદિપસિંહ (રહે.વસઈ જી મહેસાણા) પકડી પાડવા તપાસનો ધમધમાટ શરુ કર્યો છે. ઉપરોકત લુંટારૂઓ પૈકી વસંત કરમણભાઈ ચૌધરી કડી ખાતે પુંઠા અને ભંગારનો વેપાર કરતો હોવાથી નાણાકીય વ્યવહાર અંગે અવાર નવાર એમએસ પેઢી ખાતે જતો આવતો હતો. જેથી પેઢીના નાણાકીય વ્યવહાર તેમજ કર્મચારીની આવક જાવકથી વાકેફ હતો.જેથી તેણે ગૌતમ પટેલ સાથે મળીને લુંટનો પ્લાન ઘડ્યો હતો. જેમાં ગૌતમ પટેલે રાજુ હીરાજી ઠાકોર મારફતે અન્ય ત્રણ આરોપીઓને રાજસ્થાનના વીછીવાડા લુંટ માટે બોલાવ્યા હતા.જેમાં રાજુ ઠાકોરનો સાળો ઈશ્વર રામાજી ગામેતી અને અનિલ શંકરલાલ ભગોરા અને સંજય બંસીલાલ નિનામાનો સમાવેશ થાય છે. જયારે જયદિપસિંહને ગૌતમ પટેલ લઈને આવ્યો હતો. લુંટ દરમિયાન આરોપી વસંત ચૌધરી કડી છત્રાલ હાઈ વે પર પોતાની ટાટા હેરીયર ગાડી સાથે વોચ રાખી હતી. તે સમયે ગાડી લઈને નીકળતા ગૌતમ પટેલે પોતાના સાગરીતો સાથે હોન્ડા સાઈન બાઈક તેમજ સુમો ગાડીમાં ઈકો કારનો પીછો કરી છત્રાલ પેપર મીલ પાસે ઈકો કારને આંતરી ડ્રાઈવરને માર મારી ૨ કરોડ રૂપીયાની લુંટ મચાવી હતી.

સૌરવ ગૌતમ પટેલે લુંટના મુખ્ય સુત્રધાર ગૌતમ પટેલનો દિકરો છે જેની પાસેથી લુંટમા ગયેલી રોકડ રૂપીયા ૪૦ લાખ કબ્જે કરવામાં આવ્યા છે. જયારે અંદાજીત રૂ.૧૦ લાખ સૌરવ પટેલે દેવુ ચુકતે કર્યું છે. જેમાં એલઆઈસીનું પ્રિમિયમ અને બેંકમાંથી દાગીના છાડાવવામાં આવ્યા છે. જેથી પોલીસે ગુનાનો મુદ્દામાલ રાખવા અને તેનો ઉપયોગ કરવાના હેતુસર તેની પણ ધરપકડ કરવામાં આવી છે. પોલીસે પકડેલા પાંચ આરોપીઓ પાસેથી કુલ રૂ.૧ કરોડ ૧ લાખ તેમજ લુંટમાં ઉપયોગમાં લીધેલા વાહનો ટાટા હેરીયર ગાડી નં. જી.જે.૦૨.ડી.એમ.-૦૪૧૬, તેમજ ટાટા સુમો ગાડી પણ કબ્જે કરવામાં આવી છે. જયારે વોન્ટેડ આરોપીઓ ગૌતમ પટેલ અને જયદિપસિંહ વિદેશ જતા રહ્યા હોવાની વાત પ્રકાશમાં આવી છે. જયારે ગૌતમ પટેલ ગુનાહીત ઈતિહાસ ધરાવે છે. તેની સામે અમદાવાદ શહેરના કાલુપુર રેલ્વે સ્ટેશન ખાતે આંગડીયા લુંટનો ગુનો તેમજ દેત્રોજ પોલીસ મથકે મારમારીનો ગુનો નોંધાયેલ છે.

પકડાયેલા આરોપીઓ

- વસંત કરમણભાઈ ચૌધરી (રહે. હાલ કડી દેત્રોજ ફલેટ નં.૯ હેરીટેજ પ્લાઝા, ૩ જો માળ, તા.કડી, મુળ રહે. જાવંત્રી ગામ પટેલવાસ રાધનપુર)
- રાજુભાઈ હીરાભાઈ ઠાકોર (રહે. ડઢાણા હરીપુરા માંડલ જી.અમદાવાદ)
- અનિલ શંકર ભગોરા (રહે. કડીયાનાકા ખેરવાડા ડુંગરપુર રાજસ્થાન)
- સંજય બંસીલાલ નિનામા (રહે. કડીયાનાકા ખેરવાડા ડુંગરપુર રાજસ્થાન)
- સૌરવ ગૌતમભાઈ પટેલ (રહે. ઓઢવ ગામ પટેલવાસ તા.દેત્રોજ જી.અમદાવાદ)

ખૂણેખાંચરેથી

- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજાની વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક ૧૫મીએ ગુજરાત વિદ્યાપીઠ કૃષિ કેન્દ્ર રાંધેજા ખાતે મળશે.
- ગાંધીનગર તાલુકા આયોજન સમિતિની બેઠક ૧૪મીએ ગાંધીનગર તાલુકા પંચાયત ખાતે યોજાશે.
- આઝાદી કા અમૃત મહોત્સવનું સોશ્યલ મિડિયામાં મિડિયા બ્રાન્ડીંગ કરવામાં આવશે.
- ગાંધીનગર જિલ્લા બી.આર.સી. ભવન ખાતે છેલ્લા બે દિવસમાં ૭૦૦થી વધુ વિદ્યાસહાયકોની અરજીઓ સ્વીકારવામાં આવી છે.
- ૧૩મી ફેબ્રુઆરી સુધી જિલ્લામાં મહત્તમ તાપમાન ૨૮ થી ૩૧ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૧૦ થી ૧૩ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૧૦ થી ૧૫ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતાઓ છે તેવુ હવામાન-પૂર્વાનુમાન છે.
- દહેગામના બિમલભાઈ ચતુરભાઈ મુખીએ પોતાના આખા ઘરને ભારત રત્ન લત્તા મંગેશકરને અનોખી શ્રદ્ધાંજલિ આપતાં ફોટાથી મઢી દીધુ છે.
- શહેરમાં નવા બનેલા બગીચાઓનો ભાજપ અને મેયર રાજકીય કાર્યક્રમ માટે ઉપયોગ કરી રહ્યાની વાત અંગે કોંગ્રેસે વિરોધ નોંધાવ્યો છે. આ બગીચાઓમાં કાર્યક્રમ કરવાની મંજૂરી અપાતી નથી તેના ભાડાના દર પણ નિયત થયા નથી પરંતુ મેયરે જ રાજકીય કાર્યક્રમ યોજી તેમની સત્તાનો દુરપયોગ કર્યાનું અંકિત બારોટે જણાવી કમિશનરને આવેદનપત્ર આપ્યુ છે.
- ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળની બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠક ૧૭મીએ મનપા કમિશનરની કચેરીમાં મળશે.
- પંચાયતની વિવિધ શાખાઓમાં વહીવટીય સુવિધાઓ માટે સૂચનો વિભાગ દ્વારા માંગવામાં આવ્યા છે.

હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

ના, ભુલથી વાઈફને કહેવાઈ ગયું કે તું પોતે ટેડી જેવી છો... તને ટેડી એટલે ન આપ્યું... તેમાં....!!

નવી એસઓપી સાથે પરીક્ષા પારદર્શિતા અને પવિત્રતાથી લેવાશે : પસંદગી મંડળ

વહીવટી કારણોસર બિનસચિવાલય ક્લાર્કની પરીક્ષા મોકૂફ રાખી હોવાની ગૌણ સેવા પસંદગી મંડળની જાહેરાત : પેપરલીક થયું હોવાથી પરીક્ષા બંધ રખી હોવાની શંકા

ગાંધીનગર તા.૧૦ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા તા.૧૩મી ફેબ્રુઆરીએ ૧૫૦/૨૦૧૮-૧૯ અંતર્ગત વર્ગ-૩ હેઠળના બિન-સચિવાલય સેવાના કારકૂન અને સચિવાલય સેવાના ઓફીસ આસીટન્ટની પરીક્ષા લેવાનારી જાહેરાત ક્રમાંક મોકુફ રાખવાની જાહેરાત કરવામાં આવતાં ચકચાર મચી જવા પામી છે. એક તરફ પસંદગી મંડળ દ્વારા આ પરીક્ષા મોકુફ રાખવા પાછળ વહીવટી કારણોને હોવાનું અને પરીક્ષા પારદર્શક રીતે લેવાય તે માટે નવી સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રક્રિયા - એસઓપીના અમલીકરણનું જણાવાઈ રહ્યું છે ત્યારે બીજી તરફ આ પરીક્ષાનું પ્રશ્નપત્ર પણ લીક થયું હોવાનું ચર્ચાઈ રહ્યું છે. સતત ત્રીજીવાર બિન સચિવાલયની પરીક્ષા મોકુફ રહેતાં વિદ્યાર્થી આંદોલનકારી યુવા નેતા યુવરાજસિંહ જાડેજાએ વિદ્યાર્થીઓનું મનોબળ તુટે નહીં તે માટે મંડળ દ્વારા પરીક્ષાની નવી તારીખ ઝડપથી જાહેર કરવા માંગ કરી છે.

આજે મંડળના અધ્યક્ષ અને સામાન્ય વહીવટી વિભાગના અધિક મુખ્ય સચિવ એ. કે. રાકેશે જણાવ્યું હતું કે "ગુજરાત

ગૌણ સેવા પસંદગી મંડળના ચેરમેનને ચોક્કસ કાર્યો અને ફરજો બજાવવાની હોય છે. આથી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આયોજીત તમામ પરીક્ષાઓ સંદર્ભે કરવાની થતી કામગીરી બાબતે મંડળના ચેરમેનની કાર્યો અને ફરજોને યોગ્ય રીતે સમજવા માટે તેમજ તેના યથાર્થ અનુપાલન માટે પણ ચોક્કસ સમયાવકાશ જરૂરી જણાય છે. પસંદગી મંડળ દ્વારા લેવામાં આવતી પરીક્ષાઓમાં જરૂરી ગુપ્તતા તેમજ પારદર્શિતાને અનુલક્ષીને મંડળ દ્વારા અનુસરવામાં આવતી પરીક્ષા સંચાલનને લગતી સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રક્રિયા - એસઓપીની સમીક્ષા કરવામાં આવી છે, તેમજ અન્ય ભરતી સંસ્થાઓ દ્વારા અનુસરવામાં આવતી પરીક્ષા સંચાલનને લગતી સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રક્રિયાનો પણ ઉંડાણપૂર્વકનો અભ્યાસ કરવામાં આવ્યો છે. વધુમાં, મંડળ દ્વારા લેવામાં આવનાર પરીક્ષા સંચાલન માટે ટેકનોલોજીકલ ઈન્ટર્વર્સ પણ વિચારવામાં આવી રહ્યા છે, જે માટે પણ જરૂરી સમયાવકાશ આવશ્યક છે." તેમણે જે પરીક્ષા કેન્દ્રો પર સીસીટીવી કેમેરા નહીં હોય ત્યાં લાઈવ વિડિયોગ્રાફીની દેખરેખ સાથે આગામી બે માસના ગાળામાં આ પરીક્ષા લેવામાં આવશે તેવો આશાવાદ વ્યકત કર્યો હતો.

વિદ્યાર્થીઓનું મનોબળ તુટે તે પહેલાં નવી તારીખ જાહેર કરો : યુવરાજસિંહ

બિનસચિવાલય ક્લાર્કની પરીક્ષા ફરી મોકુફ રહેતાં વિદ્યાર્થી

આંદોલનકારી યુવા નેતા યુવરાજસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે "ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા બિનસચિવાલય ક્લાર્કની પરીક્ષા ત્રીજી વાર મોકૂફ રાખવામાં આવી છે અને અરે આ વખતે વહીવટી કારણો આગળ ધરવામાં આવે છે પરંતુ પડદા પાછળનું કારણ અલગ હોઈ શકે છે, કોઈ મોટો અકસ્માત રોકવા લેવાયેલું પગલું હોઈ શકે છે. અમે અગમચેતીના ભાગરૂપે એપી સેન્ટર જેવા કેન્દ્રો પર વોચ રાખવા આવેદનપત્ર આપ્યુ હતું. આ પરીક્ષાઓ માટે વિદ્યાર્થીઓએ ખૂબ જ મહેનત કરી હતી અને આર્થિક તેમજ માનસિક ત્રાસ પણ વેઠ્યો છે ત્યારે તેમની મહેનતનું પરિણામ અસામાજિક તત્ત્વોના લઈ જાય તેની સંપૂર્ણ તકેદારી સાથે વિદ્યાર્થીઓનું મનોબળ ટકાવી રાખવા પસંદગી મંડળે આ વખતે પરીક્ષા સંપૂર્ણ પારદર્શિતા અને વિશ્વસનીયતા સાથે લેવાય સર્જીને પરીક્ષાની નવી તારીખ ઝડપથી જાહેર કરવી જોઈએ.

અડાલજ મહારાજા હોટલ પાસે ડમ્પરે કારને અડફેટે લીધી

ગાંધીનગર-સરખેજ માર્ગ પર અડાલજ મહારાજા હોટલ પાસે આઈવા ડમ્પર ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી આઈ-૨૦ કારને પાછળની ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં કાર ફંગોળાઈ જતા ભારે નુકશાન થયું હતું. આ બનાવમાં કાર ચાલકનો આબાદ બચાવ થયો હતો. જયારે અકસ્માત સર્જીને ડમ્પર ચાલક સ્થળ પર મુકીને ભાગી ગયો હતો. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ આદરી છે.

અમદાવાદ ગોતા ગોદરેજ ગાર્ડન સીટી સી.૬૦૩ ખાતે રહેતા રોહિતકુમાર મુરલીધર નાયક ડ્રાઈવીંગ રોડ પર આવેલ જીયોમાં સિનિયર મેનેજર તરીકે ફરજ બજાવે છે અને પરિવારનું ગુજરાન ચલાવે છે. જયારે રોહિતકુમાર આઈ-૨૦ કાર નં. જી. જે. ૦૧. આર. એસ. - ૬૨૫૬ કાર પોતાના અંગત ઉપયોગ માટે કરે છે. જયારે ગતરોજ સાંજના સુમારે અડાલજ જગન્નાથ મંદિર આરતી દર્શન કરીને ઘરે પરત ફરી રહ્યા હતા. તે સમયે સાંજના સાડાસાત વાગ્યાના અરસામાં અડાલજ બ્રિજ ઉતરતા મહારાજા હોટલ પાસે ડમ્પર ચાલકે આઈ-૨૦ કારને પાછળથી ટકકર મારતા કાર ફંગોળાઈને પલ્ટી ખાઈ ગઈ હતી. ડ્રાઈવર સાઈડનો દરવાજો ન ખુલતા ખાલી સાઈડનો દરવાજો ખોલીને કાર ચાલક નીચે ઉતર્યો હતો.

મધ્યાહન ભોજનના ચોખા પ્લાસ્ટિકના નહીં પરંતુ ફોર્ટિફાઈડ ચોખા : એફઆરએલ

ફુડ રિસર્ચ લેબોરેટરી દ્વારા વૈજ્ઞાનિક ઢબે ચોખાનું પરીક્ષણ કરાયું : બાળકોને કુપોષણમાંથી મુક્ત કરવા મૂળભૂત ચોખામાં પ્રોસેસ કરી પોષણયુક્ત ફોર્ટિફાઈડ ચોખા તૈયાર કરાય છે : પ્રોજેક્ટ એચ.પી.સંઘવી

ગાંધીનગર, તા.૧૦ બાળકોને મધ્યાહન ભોજન યોજના હેઠળ આપવામાં આવતા ચોખા પ્લાસ્ટિકના ચોખા હોવાની ગેરસમજ કેટલાક

વિસ્તારોમાં નાગરિકોમાં પ્રવર્તી રહી છે. રાજ્ય સરકારની સૂચનાથી આ બાબતને ગંભીરતાથી લઈને ગાંધીનગર ખાતેની ફુડ રિસર્ચ લેબોરેટરી દ્વારા આ મામલે સંપૂર્ણ વૈજ્ઞાનિક પદ્ધતિથી પરીક્ષણ કરી ચોખાના ટેસ્ટ કરવામા આવ્યા છે. આ ચોખા પ્લાસ્ટિકના ચોખા નહિ પરંતુ પોષણયુક્ત ફોર્ટિફાઈડ ચોખા છે. બાળકોને કુપોષણમાંથી મુક્ત કરવા મૂળભૂત ચોખામાં પ્રોસેસ કરી પોષણયુક્ત ફોર્ટિફાઈડ ચોખા તૈયાર કરવામાં આવે છે તેમ લેબોરેટરી ટેસ્ટના અંતે ફુડ રિસર્ચ લેબોરેટરીના પ્રોજેક્ટ હેડ તેમજ ડાયરેક્ટરેટ ઓફ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીના ડાયરેક્ટર એચ.પી.સંઘવીએ જણાવ્યું છે.

અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના નિયામક તુષાર ધોળકિયાએ આ અંગે વધુ વિગત આપતા કહ્યું છે કે, ફોર્ટિફાઈડ ચોખામાં માઈક્રોન્યુટ્રિઅન્ટ્સ - ફોલીક એસીડ (વિટામીન બી-૯), વિટામીન બી-૧૨ તથા આર્યનની માત્રા ઉમેરવામાં આવે છે. નિગમના એક્ઝીક્યુટિવ ડાયરેક્ટર સંજય મોદીએ જણાવ્યું કે, માઈક્રોન્યુટ્રિઅન્ટ્સ ઉમેરવાથી ફોર્ટિફાઈડ ચોખા મુળ ચોખાના દાણા કરતા સહેજ જુદા રંગના-થોડા પીળાશ પડતા અને આકારમાં પણ થોડા જુદા હોય છે. ભારત સરકાર દ્વારા એપ્રિલ-૨૦૨૧થી સમગ્ર દેશમાં પોષણયુક્ત ફોર્ટિફાઈડ ચોખાનો જથ્થો મધ્યાહન ભોજન યોજના હેઠળ વિતરણ કરીને બાળકોને કુપોષણમાંથી મુક્ત કરવાની યોજના દાખલ કરી છે.

મુવર્સ એન્ડ પેકર્સના નામે છેતરપિંડી, બે શખ્સો જીપડાલામાં ઘરવખરીનો સામાન ભરી ગાયબ

અમદાવાદ વૈષ્ણોદેવી થી ઓડીશા જવા ઘરનો સામાન ભરીને નીકળેલ જીપડાલુ હજુ સુધી પહોંચ્યું નથી. મુવર્સ એન્ડ પેકર્સને રૂ.૨૨ હજાર ભાડુ ચુકવ્યા બાદ ૭ દિવસમાં સામાન પહોંચી જશે તેમ જણાવ્યું હતું. પરંતુ તા.૧૯ ડિસેમ્બર ૨૦૨૧ ના રોજ નીકળેલો સામાન આજદિન સુધી ઓડીશા ખાતે પહોંચ્યો નથી. મુવર્સ એન્ડ પેકર્સના નામે બે શખ્સો ઘરવખરી અને ભાડા પેટે રૂ.૨૨ હજાર લઈ રફુચક્કર થઈ ગયા છે. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ત્રણ શખ્સો સામે છેતરપિંડી અને વિશ્વાસઘાતની ફરીયાદ નોંધાઈ છે.

ત્રિલોચન પદ્મનાથ ચૌધરી (ઉં.૨૬) ઓડીશાના માલસાહી ખાતે રહે છે અને વેદ વિદ્યાલય ખાતે શિક્ષક તરીકે નોકરી કરે છે. તેઓ ચાર ભાઈ છે. જેમાં સુદાસુ શેખર વૈષ્ણોદેવી પાછળ આવેલા કેશર આલય ખાતે રહેતા હતા. તેઓને વિદેશમાં નોકરી મળતા તેમનો સરસામાન વતન ઓડીસા ખાતે મોકલવાનો હોવાથી નાનાભાઈ ત્રિલોચનને બોલાવતા તે ૧૫ ડિસેમ્બર ૨૦૨૧ ના રોજ ઘરે આવી ગયો હતો. જયારે ત્રિલોચને ગુગલ પર સર્ચ કરતા પેકર્સ એન્ડ મુવર્સના મળેલા નંબર પર કોલ કરીને સામાન મોકલવાની વાત કરતા વ્યકિતએ જણાવ્યું હતું કે અમારા માણસો ત્યાં આવશે, તે દિવસે બે વાગે બે વ્યકિત ત્યાં પહોંચી જઈને સામાન જોવા આવેલા હતા. ત્યારબાદ આવતીકાલે આવીશુ તેમ કહી જતા રહ્યા હતા. ત્યારબાદ સુધાંશુભાઈએ ફરીયાદીને તુ કાલે સામાન ભરાવી જતો રહેજે. તેમ કહી સુધાંશુભાઈ રાત્રીના નાઈઝીરીયા જવા માટે નીકળી ગયા હતા. જયારે બીજા દિવસે તા.૧૯ ના રોજ બે વ્યકિત મહિન્દ્રા ડાલુ નં. જી.જે.૨૭.ટી.ટી.-૫૪૦૬ લઈને આવ્યા હતા. જેમાં ઘરવખરીનો સામાન સહિત એકટીવા મુકીને ઓડીશા જવા માટે રવાના કર્યા હતા. જયારે દિન-૭ માં તમારા ઘરે સામાન પહોંચી જશે, જેથી સામાન મોકલવાનું ભાડુ રૂ.૨૪,૬૦૩ ફોન પે દ્વારા બે અલગ અલગ એકાઉન્ટમાં રૂ.૨૨ હજાર જમા કરાવ્યા હતા. જયારે સામાન અંગે પુછપરછ કરતા જુદા જુદા બહાના બતાવતા હતા. જેથી બિલમાં લખેલા પેકર્સ એન્ડ મુવર્સના સરનામે તપાસ કરતા આવી કોઈ ઓફિસ મળી આવી ન હતી. જયારે સામાન લેવા માટે આવેલા બે વ્યકિતનો સંપર્ક કરતા તેઓએ નોકરી છોડી દીધી હોવાનું જણાવ્યું હતું.

ગુજરાત જળ સંપતિ વિકાસ નિગમ લી.
સેક્ટર-૧૦/એ, ગાંધીનગર-૩૮૨૦૧૦

ઈ-ટેન્ડર નોટીસ નંબર - ૩૨/૨૦૨૧-૨૨

કા.ઈ.(સી) યુનિટ-૨ (સુજલામ-સુફલામ), ૨જો માળ, સ્ટેટ વોટર ડેટા સેન્ટર, માર્ગ નં.૨, જળશક્તિ માર્ગ, સેક્ટર નં. ૮, ગાંધીનગર દ્વારા ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લિમિટેડ, ગાંધીનગર (વડી કચેરી) તેમજ ભૂ.જ.વ્ય. વીંગ કચેરી, ગાંધીનગર અને તેના હસ્તકની જુદી જુદી ક્ષેત્રીય કચેરીઓમાં જરૂરીયાત મુજબ આઉટ સોર્સીંગથી તાંત્રિક સેવાઓ પુરી પાડવા બાબતની ટેન્ડરની વિગતો નીચે મુજબ છે.

ટેન્ડરમાં ભાર લેવા માટે રસ ધરાવતી એજન્સીઓએ વિગતવાર ટેન્ડર / નોટીસ https://www.nprocure.com વેબસાઈટ ઉપરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકશે.

- ટેન્ડર બીડ અપલોડ શરૂ કરવાની તા. ૧૦/૨/૨૦૨૨.
- ટેન્ડર બીડ ડાઉનલોડ કરવાની તા. ૨૪/૨/૨૦૨૨., ૧૮ કલાક સુધી
- ટેન્ડર ફી, ઈએમડી (એફડીઆર/ડીડી), તથા અન્ય ડોક્યુમેન્ટ ફક્ત રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટ મારફતે પહોંચાડવાની તારીખ અને સમય : તા. ૨૫/૨/૨૦૨૨ થી તા. ૫/૩/૨૦૨૨ ૧૮.૦૦ કલાક સુધી
- ટેકનીકલ બીડ ખોલવાની તારીખ અને સમય : ૮/૩/૨૦૨૨, ૧૫.૦૦ કલાકે
- પ્રાઈઝ બીડ ખોલવાની તારીખ અને સમ. ૮/૩/૨૦૨૨, ૧૬.૦૦ કલાકે
- ટેન્ડર ઓફરની વેલીડીટી ૧૮૦ દિવસની રહેશે.

ટેન્ડર ફી રૂપિયા - ૨,૮૩૨/- (જી.એસ.ટી. સહિત) ડી.ડી. સ્વરૂપે તથા ઈએમડી રૂપિયા ૯૮,૬૦૦/- (ડી.ડી. અથવા એફડીઆર) "Executive Engineer (C), Unit-2 (s.s) Gandhinagar" ના નામે આપવા તથા તેની સ્કેન કોપી કરીને 'ઓનલાઈન' ટેન્ડરમાં મુકવી. વધુ વિગતો માટે નિગમ / સરકારશ્રીની વેબસાઈટ www.gwrdc.gujarat.gov.in અથવા www.stetetenders.guj.gov.in મારફતે જોઈ શકાશે. ફક્ત ઓનલાઈન ટેન્ડર સ્વીકારવામાં આવશે.

માહિતી/૩૧૧૫/૨૧-૨૨

MACP No. 199/2019
ND - 14/3/2022

PUBLIC NOTICE

Process Paid Rs. 15/-
Adv. R.M. Bhale

IN THE COURT OF THE HON'BLE MOTOR ACCIDENT CLAIMS TRIBUNAL, SANGLI, AT SANGLI.

1. Shit. Rajendra Dadaso Manjare, Etc.1 ...Petitioners.
Vs.
1. Mohammadhanif Saiyad, Etc.4 ...Respondents.

Petition - M.V. Act, 1988 Sec. 140 and 166, Claiim amount Rs 50,000/- and Rs. 1,09,75,000/-.

The respondent No. 3 Shri. Kaiyumbhai Gafurbhai Ganchi, Age 47. Occu - Truck driver, R/o. Rana Sayyad Deriya, Chansura Road. Modasa. Dist - Arvalli. Gujrat State PIN-383315.

The petitioners had filed an application i.e. MACP No.199 /2019, for compensation under Sections 140 and 166 of the Motor Vehicles Act and claimed an amount of Rs. 50,000/- and Rs. 1,09.75,000/-, The petitioners had added you as respondent No.3 in the said matter as a driver of the Truck No. GJ-31-T-2614. The said case is filed in M.A.C.T., Sangli, Maharashtra State. The said accident was occurred on 07.07.2019 at about 05.30 a.m. on Pune-Mumbai High Way. The notice was issued to your known address through Court, but it returned unserved. Hence, by this notice it is informed to you to appear before the Hon'ble Tribunal personally or by duly appointed advocate with all relevant documents on 14/3/2022 at 10.30 a.m., and you may give W.S. on the said date. If you do not do as per mentioned above then, the both applications under Sec. 140 and 166 will be decided exparte against you. Kindly take note of the same.

The said notice is given by my signature and seal of the Court on 8/2/2022.

Sangli
Date : 8/2/2022
Sd/-
In. Clerk
Dist. Court, Sangli

Sd/-
Supdt.
Dist. Court, Sangli